રાજ્યમાં આંશિક ઘટાડા સાથે 12,820 નવા કેસ: 140નાં મોત

કોરોનાના કેસ 6 લાખને પાર થઈ ગયા, એક્ટિવ કેસની સંખ્યા 1.47 લાખ થઈ

ગાંધીનગર : રાજ્યમાં કોરોનાના કેસની સંખ્યા 12,820 પર પહોંચી ગઈ છે. આમ રાજ્યમાં કોરોનાના કુલ કેસની સંખ્યા 6 લાખને પાર કરી ગઈ છે. સોમવારે એક જ દિવસમાં અમદાવાદ મનપામાં 25 મૃત્યુ સાથે રાજ્યમાં કુલ મૃત્ય 140 થયા છે. જ્યારે અત્યાર સુધીમાં કુલ મૃત્યુ આંક 7648 થયા છે.

સોમવારે અમદાવાદ મનપામાં 25, સુરત મનપામાં 10, સુરત ગ્રામ્યમાં 3, વડોદરા મનપામાં 9, રાજકોટ મનપામાં 10, જામનગર મનપામાં 9, ભાનગર મનપા 5, જૂનાગઢ મનપા 4, મહેસાણામાં 3, ગાંધીનગર મનપા 2, સાબરકાંઠામાં 4, સુરેન્દ્રનગર 4 સહિત કુલ 140 દર્દીએ જીવ ગુમાવ્યાં છે. બીજી તરફ સોમવારે 11,999 દર્દીઓ સાજા થયા છે. આમ રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ 4,52,275 દર્દીઓ સાજા થયા છે. રાજ્યમાં દર્દીઓની સાજા થવાનો દર 74.46 ટકા થયો છે. રાજ્યમાં છેલ્લા 24 કલાક દરમિયાન સોમવારે નવા નોંધાયેલા કેસોમાં અમદાવાદ મનપામાં 4616, સુરત મનપામાં 1309, વડોદરા મનપામાં 497, રાજકોટ મનપામાં 397, ભાવનગર મનપામાં 431, ગાંધીનગર મનપામાં 155, જામનગર મનપામાં 393 અને જૂનાગઢ મનપામાં 148 કેસ નોંધાયા છે. જ્યારે સુરત ગ્રામ્યમાં 347, જામનગર ગ્રામ્ય 319, ભરૂચ 101, નવસારી 160, વલસાડ 125, મહેસાણા 493, વડોદરા ગ્રામ્ય 439 નવા કેસ નોંધાયા છે. રાજ્યમાં હાલમાં એક્ટિવ કેસોની સંખ્યામાં 1,47,499 વેન્ટિલેટર ઉપર 747 અને 1,46,752 દર્દીઓ સ્ટેબલ છે.

રાજકોટમાં કોરાનાના કેસ ૪૦ ટકા ઘટી ગયા મૃત્યુ પણ ઘટ્યા: રિકવરી રેટ ૮૮ ટકાથી ઉપર

સિવિલના કોવિડ વોર્ડમાં દાખલ થવા માટે એમ્બ્યુલન્સની લાઇનો ઘટી ગઇ, સંજીવની રથ માટેના કોલ પણ ઘટી ગયા

હવે લેબોરેટરી અને ટેસ્ટિંગ બુથમાં પણ ભીડ નથી જોવા મળતી, સ્મશાનોમાં હવે અંતિમવિધિ માટે લાઇનો નથી લાગતી

રાજકોટ: શેહર જિલ્લામાં છેલ્લા બે-ત્રણ દિવસથી કોરોનાં સંક્રમણમાં ૪૦ ટકા જેટલો ઘટાડો જોવા મળ્યો છે. અગાઉ રોજના ૬૦૦ જેટલા કેસ આવતા હતાં જે ઘટીને ૪૦૦ આસપાસનાં થઇ ગયા છે. સિવિલના કોવિડ વોર્ડમાં દાખલ થવા માટે એમ્બ્યુલન્સની લાઇનો ઘટી ગઇ છે. ટેસ્ટીંગ બુથમાં પણ ભીડ નથી જોવા મળતી. આમ રાજકોટમાં રાહતનો અનુભવ થવા લાગ્યો છે. મ્યુ. કમિશ્નર ઉદિત અગ્રવાલે જાહેર કરેલી આંકડાકીય વિગતો મુજબ શહેરમાં કન્ટેન્ટમેન્ટ ઝોનનો કડક અમલ થઇ રહ્યો છે. આજે ૬ હજાર જેટલા કન્ટેન્ટમેન્ટ ઝોન છે. કેસમાં અને મોતમાં ઘટાડો જોવા મળ્યો છે. હવે સ્મશાનોમાં હવે અંતિમવિધિ માટે લાઇનો નથી લાગતી.

શ્રી અગ્રવાલનાં જણાવ્યા મુજબ થોડા દિવસ અગાઉ ૧૦૪ અને સંજીવની રથ માટે ૧૬૦૦ જેટલા કોલ આવતાં હતાં. જે હવે ઘટીને ૪૦૦ થી ૪૫૦ જેટલા થઇ ગયા છે. આથી હવે વેક્સિનેશનની કામગીરી ઝડપી બનાવવા આ સ્ટાફને વેક્સિનેશનમાં મુકવામાં આવનાર છે. દરમિયાન ખાનગી લેબોરેટરીમાં પણ અગાઉ આર. ટી. પી. સી. આર. માટે લોકોની મોટી ભીડ જોવા મળતી હતી ત્યાં આજે ટેસ્ટીંગ કરવા આવનારાઓની સંખ્યામાં ઘટાડો જોવા મળ્યો હતો.

આમ મીની લોકડાઉન, સ્વૈચ્છીક લોક જાગૃતિ અને સાવચેતી તેમજ તંત્રની જહેમતથી કોરોનાં સંક્રમણ ઘટવા લાગ્યું છે ત્યારે લોકો કોઇપણ જાતનો ભય ન રાખે અને સાવચેત રહે, જરૂર વગર બહાર ન નિકળે માસ્ક પહેરે અને સોશિયલ ડિસ્ટેન્સ જાળવે તેમજ વેક્સિન મુકાવે તેવી અપીલ મ્યુ. કમિશ્નર ઉદીત અગ્રવાલે આ તકે કરી છે.

૫ મે પછી પણ સરકાર મિનિ લોકડાઉનના નિયંત્રણો લંબાવે તેવી સંભાવના

રાજ્યમાં ઓક્સિજન બેડ, વેન્ટિલેટરવાળા બેડ, રેમડેસિવિર ઈન્જેક્શન સહિતની મેડિકલ ઈમરજન્સી જેવો માહોલ છે

ગાંધીનગર: રાજ્યમાં ૨૯ શહેરોમાં મીની લોકડાઉન જેવા નિયંત્રમો અમલમાં છે, તે આગામી ૫મી મેના રોજ પૂર્ણ થઈ રહ્યા છે. અલબત્ત શહેરી અને ગ્રામ્ય વસ્તારમાં વધી રહેલા કોરોનાના કેસો વચ્ચે હવે સરકાર આ નિયંત્રણો લંબાવે તેવી સંભાવના છે. અલબત્ત રાજ્યમાં લોકડાઉન કરવું જોઈએ, તેવી સતત થઈ રહેલી માંગ વચ્ચે રૂપાણી સરકારે લોકડાઉન ટાળીને તેના બદલે લોકડાઉન જેવા નિયંત્રણો અમલમાં મૂકવાનું યોગ્ય માન્યું છે.

હાલમાં રાજ્યમાં ઓકિસજન બેડ, વેન્ટિલેટરવાળા બેડ, રેમડેસિવિર ઈન્જેકશન સહિતના મેડિકલ ઈમરજન્સી જેવો માહોલ છે. અમદાવાદમાં શાહીબાગ સિવિલ કે સોલા સિવિલમાં કોરોનાના દર્દીઓ માટે વેઈટિંગ ચાલી રહ્યું છે. ગાંધીનગર સિવિલમાં પણ ૧૦ કરતાં વધુ ઈમરજન્સી એમ્બ્યૂલન્સની લાઈનો જોવા મળી રહી છે. પાંચથી આઠ કલાક જેટલું વેઈટીગ ચાલી રહ્યું છે. ૨૯ શહેરોમાં રાત્રીના ૮થી સવારના ૬ વાગ્યા સુધી કર્ફ્યુ અમલમાં છે. અલબત્ત સુપ્રિમ કોર્ટ તથા ગુજરાત હાઈકોર્ટે કોરોનાના સંક્રમણની ચેઈન તોડવા માટે જરૂરી પગલા લેવા જણાવ્યું છે. રાજ્યમાં બીજી તરફ ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસો સતત વધી રહ્યા છે પહેલા ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાથી દર્દીઓના મૃત્યુના કેસો નહતા. જ્યારે હવે ગામડાઓમાં દર્દીઓના મૃત્યુ થઈ રહ્યા છે. કેટલાંક ગામમાં ઓકિસજનના અભાવે પણ દર્દીઓના મૃત્યુ નોંધાયા છે.

કોરોનામાં રસીકરણ તેજ બન્યું : અત્યાર સુધીમાં સવા કરોડ લોકોએ રસી લીધી

ગાંધીનગર: રાજ્યમાં કોરોનાના કેસો ઘટયા છે ત્યારે હવે રસીકરણ તેજ બન્યુ છે. જેના પગલે રાજ્યમાં અત્યાર સુધીમાં સવા કરોડ લોકોએ રસી લીધી છે. આરોગ્ય વિભાગના સત્તાવાર સૂત્રોએ કહ્યુ હતુ કે રાજ્યમાં અત્યાર સુધીમાં સવા કરોડ લોકોએ રસી લીધી છે. જેમાં જેમાં પ્રથમ ડોઝનું ૯૯,૪૧,૩૯૧ અને બીજા ડોઝની ૨૬,૩૧,૮૨૦ લોકોએ રસી લીધી છે. આજે ૧૮થી ૪૪ વર્ષના લોકો પૈકી ૨૭,૨૭૨ લોકોએ પ્રમથ ડોઝની રસી લીધી છે. ૬૦થી વધુ વયના અને ૪૫થી ૬૦ વર્ષના કુલ ૩૬,૧૭૭ વ્યક્તિઓએ પ્રથમ ડોઝનું અને ૬૭,૩૬૮ લોકોએ બીજી ડોઝની રસી લીધી છે.

કોરોનાના કહેરને કારણે ગાંધીનગરમાં ચૂંટણી મોકૂફ રહેતાં મનપાના કમિશનર વહીવટદાર તરીકે નીમાયા

ગાંધીનગર: ગાંધીનગરમાં કોરોનાના કહેર વચ્ચે સામાન્ય ચૂંટણી રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા મોકૂફ રાખવાનો આદેશ કરાયો છે. જેના પગલે હવે ગાંધીનગર મનપાના કમિશ્નરને વહીવટદાર તરીકે નીમાવાનો આદેશ કરી દેવાયો છે.

ગાંધીનગર મનપાની ચૂંટાયેલી પાંખની મુદત ૫મી મેના રોજ પૂર્ણ થઈ રહી છે. જેના પગલે શહેરી વિકાસ વિભાગ દ્વારા મહત્વનો ઠરાવ જારી કરીને ગાંધીનગર મનપાના કમિશ્નર ડો. રતન કુંવર ગઢવી ચારણની વહીવટદાર તરીકે નિમણૂંક કરી દેવામાં આવી છે. શહેરી વિકાસ વિભાગના આદેશમાં જણાવ્યા મુજબ વહીવટદાર તરીકે મનપાના કમિશ્નર રોજબરોજની કામગીરી વહન કરી શકશે, તેમજ સ્ટેન્ડિંગ કમિટીને મળેલી સત્તાનો ઉપયોગ કરી શકશે, અલબત્ત કોઈ નીતિ વિષયક નિર્ણય લઈ શકશે નહીં.

જૂનાગઢમાં ભેદી ધડાકા બાદ કમોસમી વરસાદ પડ્યો

રાજકોટ: જૂનાગઢમાં બપોર બાદ અચાનક ધરતીકંપ જેવો ધડાકો થતા લોકો ઘરની બહાર દોડી ગયા હતા અને ધડાકા બાદ તરત જ ૧૫ મિનિટ સુધી આ વરસાદ ચાલુ રહ્યો હતો.

રેમડેસિવિરના કાળા બજાર કરતા 4 ઝડપાયા સસ્તામાં મેળવી 40 હજારમાં વેચવાનો પ્લાન હતો

પહેલા બે શખ્સોએ હોસ્પિટલના કર્મચારી પાસેથી ઈન્જેક્શન મેળવ્યા તેઓ 26 હજારમાં અન્ય બેને વેચવાના હતા અને તેઓ 40 હજારમાં અન્ય જરૂરિયાતમંદને વેચવાના હતા

અમદાવાદ: અમદાવાદ શહેરમાં કોરોનાની મહામારી અસરકારક સાબિત થયેલા રેમડેસિવિર ઇન્જેક્શનના કાળા બજાર વધી રહ્યા છે. શહેરના રામોલ પોલીસે રેમડેસિવિર ઇન્જેક્શનના કાળા બજાર કરતા ચાર શખ્સોની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

અમદાવાદ શહેરની રામોલ પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે વોચ ગોઠવીને રેમડેસિવિર ઇન્જેક્શનના કાળા બજાર કરતા શશાંક જયસ્વાલ, નીલ જયસ્વાલ, વિકાસ અજમેરા અને પ્રવીણ માણવરની પોલીસે ધરપકડ કરી તેમની પાસેથી રેમડેસિવિરના ચાર ઇન્જેક્શન જપ્ત કર્યા હતા.

પોલીસે વધુ તપાસ હાથ ધરતાં પ્રશાંત અને શશાંકે હોસ્પિટલના કર્મચારી પાસેથી ઇન્જેક્શન મેળવ્યા હતા અને બંને 26000માં વિકાસ અને પ્રવીણને વેચવાના હતા. વિકાસ અને પ્રવીણ 26 હજારની ઉપર પોતાની રકમ નક્કી કરી 30 થી 40 હજારમાં આ ઈંજેક્શન વેચવાની ફિરાકમાં હતા પોલીસે ધરપકડ કરી હતી.

ભરૂચ નગરપાલિકાની 13 સમિતિના ચેરમેને ચાર્જ સંભાળવાની કામગીરીમાં સોશિયલ ડિસ્ટન્સનાં ધજાગરા

ભરૂચમાં આરોગ્યની સગવડ સિવાય અંશતઃ લોકડાઉન, પાલિકાની ઓફિસોમાં જાહેરનામાનો ભંગ

ફોટો : ભરૂચ નગરપાલિકાનાં

અંકલેશ્વર : ભરૂચ નગરપાલિકામાં સોમવારે વિવિધ શાખાઓના ચેરમેન પોતાનો ચાર્જ સંભાળી રહ્યા છે. આ ચાર્જ સંભાળવાની કામગીરીમાં ખુદ નગરપાલિકાના સત્તાધીશોએ જ કોરોનાનું સંક્રમણ ફેલાવતા હોય તેવું વાતાવરણ નગરપાલિકા ઓફિસોમાં જોવા મળ્યું છે.

ભરૂચ નગરપાલિકામાં સોમવારે લાઇટ શાખા, કાયદા શાખા, સમાજ કલ્યાણ શાખા, સેનેટરી શાખા, મેડિકલ શાખા સહિતની જુદી જુદી 13 જેટલી સમિતિના સભ્યોના સોમવારે ચાર્જ સંભાળવામાં આવ્યો હોય વિધિવત રીતે ચાર્જ સંભાળતા સત્તાધીશો તેમના મોટા પ્રમાણમાં સમર્થકો સાથે નગરપાલિકા કચેરી ખાતે આવ્યા હતા. આ ચાર્જ સંભાળવાની કામગીરી તો માત્ર ચેરમેન આવીને જ વિધિવત રીતે કામગીરી કરી શકતા હોય, પરંતુ લોકોનાં ટોળાં એકઠા થતાં ખુદ સત્તાધીશો કોરોના સંક્રમણમાં વધારો કરી રહ્યા હોવાથી કોરોનાની ગાઈડલાઈનનાં ધજાગરા ઊડતા નગરપાલિકા સમિતિઓમાં જોવા મળ્યા હતા.

અહીં નોંધનીય છે કે, હાલના સમયમાં ભરૂચમાં સ્વૈછીક લોકડાઉન ચાલી રહ્યું છે. તો બીજી તરફ કલેક્ટરના જાહેરનામા દ્વારા પણ અન્ય તમામ પ્રકારનાં મોલ, ખાણીપીણી, જ્વેલર્સ સહિતની દુકાનો કે વધુ પડતા લોકો એકઠા ન થાય તેની તકેદારીના ભાગરૂપે ભરૂચમાં આરોગ્યની સગવડ સિવાય અંશતઃ લોકડાઉન છે. તેવામાં નગરપાલિકાની ઓફિસો ખાતે ચાર્જ લેતાં અધિકારીઓએ દ્વારા જ જાહેરનામાનો ઉલાળિયો કરવામાં આવ્યો છે. લોકોને વધુ પડતા એકઠા ન થવાની વિનંતી કરનાર નગરપાલિકા સત્તાધીશો જ ખુદ પોતાના સમર્થકો સાથે નગરપાલિકા કચેરીએ આજે પહોંચ્યા હતા. તો ચાર્જ લેવાની કામગીરી માત્ર જેને ચાર્જ સંભાળવાનો હોય તે પણ આવીને કરી શકતા હોય છે. પરંતુ નગરપાલિકાનાં શાસનાધિકારી દ્વારા જ લોકોનાં ટોળાં એકઠાં કરાયાં તેમજ કોરોનાની ગાઈડલાઈનનાં સરેઆમ ધજાગરા થતાં જોવા મળ્યા હતા.

અંકલેશ્વરના વેપારી સાથે રેમડેસિવિર ઈન્જેક્શનના નામે ઓનલાઇન છેતરપિંડી

રેમડેસિવિરના કાળાબજાર બાદ હવે ઇન્જેક્શન માટે ઓનલાઇન છેતરપિંડીનો કિસ્સો

અંકલેશ્વર: અંકલેશ્વર જીઆઇડીસીસના વેપારી સાથે રેમડેસિવિર ઈન્જેક્શનના નામે ઓનલાઇન ઠગાઇ કરાતાં જીઆઇડીસી પોલીસે સાઇબર ક્રાઇમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. કોરોના મહામારી વચ્ચે જ્યાં રેમડેસિવિર ઈન્જેક્શન કાળા બજારી બાદ સાઇબર ચાંચીયાઓએ માથું ઊંચક્યું છે.

પોલીસ સૂત્રીય માહિતી મુજબ અંકલેશ્વર જીઆઇડીસી વિસ્તારમાં રહેતા શાંતિલાલ ધોળુને તેમના નાસિક રહેતા સ્વજન માટે રેમડેસિવિર ઈન્જેક્શનની જરૂર પડી હતી. એ દરમિયાન તેમના મોબાઈલ નંબર પર અમિત નામના શખ્સનો ઝાયડસ કંપનીની લિંક સાથે સંપર્ક નંબર સામે આવ્યો હતો. કંપનીનું નામ જાણી તેમના દ્વારા 6 ઇન્જેક્શન માટે સંપર્ક કરાયો હતો.

અમિત નામના શખ્સે પોતે કંપની સાથે જોડાયેલા હોવાનો વિશ્વાસ સંપાદન કરી 3000 રૂપિયા લેખે 18 હજાર રૂપિયા નક્કી કર્યા હતા. જે આધારે અડધું પેમેન્ટ ઓનલાઇન કરવાનું હતું અને બાકી હોસ્પિટલ ખાતે ડિલિવરી મળે ત્યારે આપવાનું હતું તેમ જણાવ્યું હતું. જેના આધારે પ્રથમ 9 હજાર રૂપિયા આપ્યા બાદ થોડીવાર બાદ બાકીનું પેમેન્ટ પણ આપવું પડશે. તેવી જાણ કરતાં તેવો દ્વારા અન્ય 7500 રૂપિયા મોકલાયા હતા. જ્યારે બાકીના 1500 રૂપિયા ડિલિવરી ખર્ચ રૂપે ડિલિવરી કરવા આવતા શખ્સને આપવાનું નક્કી કરાયું હતું.

જેના આધારે તેવો રૂપિયા ઓનલાઇન ચૂકવી દીધા હતા અને અંતે થોડીવાર બાદ સાઇબર ઠગે મોબાઈલ બંધ કરી દેતાં શાંતિલાલભાઈને છેતરપિંડી થઇ હોવાનો અહેસાસ થયો હતો. તેમણે આ અંગે જીઆઇડીસી પોલીસ મથકે ફરિયાદ આપતાં પોલીસે સાઇબર ક્રાઇમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ભરૂચ સિવિલ હોસ્પિટલ ખાતે દર્દીઓને બેડ ન મળતાં એમ્બ્યુલન્સમાં જ સારવાર અપાઇ

અંકલેશ્વરઃ ભરૂચમાં કોરોનાનું સંક્રમણ અત્યંત મોટા પ્રમાણમાં ફેલાઈ રહ્યું છે. તેવામાં કોરોના પોઝિટિવ કેસની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો થયો છે. ગઇકાલે રાત્રે ભરૂચની સિવિલ હોસ્પિટલ ખાતે કોવિડ વોર્ડ હાઉસફુલ થઈ જતાં 108 એમ્બ્યુલન્સમાં આવેલા દર્દીઓને કલાકો સુધી બેડ મળ્યા ન હતા, દર્દીઓને બેડ માટે વેઇટિંગમાં રાહ જોવી પડી હતી. આથી ત્રણ એમ્બ્યુલન્સમાં આવેલા દર્દીઓને વેઇટિંગના કારણે પ્રાથમિક સારવાર એમ્બ્યુલન્સમાં આપવાની નોબત આવી હતી.

અંકલેશ્વર નગરપાલિકાએ ઉમાભવન રેલવે ક્રોસિંગ પાસેના રસ્તાની મરામત કરી

અંકલેશ્વર: અંકલેશ્વર જીઆઇડીસીમાં નેશનલ હાઇવે નં.8 પર ઉમાભવન પાસે આવેલ રેલવે ક્રોસિંગ પાસેના રસ્તાની મરામતની કામગીરી કોઈ જવાબદાર વિભાગે ન કરતાં છેવટે નગરપાલિકાએ પૂર્ણ કરી હતી. અંકલેશ્વર જીઆઇડીસી વિસ્તારમાં આવેલ અને ભરૂચ-અંકલેશ્વરની જોડતા જૂના નેશનલ હાઇવે નં.8 પર ઉમા ભવન પાસે રેલવે ક્રોસિંગ આવેલું છે. જ્યાં વારંવાર મોટા અને ઊંડા ખાડા પડી જાય છે. આ અંગે ઘણા લાંબા સમયથી જવાબદાર રેલવે વિભાગ કે પી.ડબ્લ્યૂ.ડી.ને રજૂઆત કરી હોવા છતાં પણ તંત્ર દ્વારા આ રસ્તાની મરામતની કામગીરી હાથ ધરવામાં આવી ન હતી. નોંધનીય છે કે, આ રસ્તા પરથી જ રોજ અંકલેશ્વરના મામલતદાર ન્યાયાધીશ તેમજ પ્રાંત અધિકારી જેવા ઉચ્ચ અધિકારીઓ પસાર થાય છે અને તમામ માટે આ માર્ગ અત્યંત હાલાકીજનક બની રહ્યો હતો. જો કે, જવાબદાર તંત્ર દ્વારા આંખ આડા કાન કરાયા હતા. પરંતુ અંકલેશ્વર નગરપાલિકાના ધ્યાને આ વાત આવતાં કારોબારી ચેરમેન સંદીપ પટેલે રવિવારે આ રસ્તાની કામગીરી પૂર્ણ કરાવી હતી અને લોકોને અવરજવરમાં તકલીફ ન પડે એનું ખાસ ધ્યાન રાખ્યું હતું. જેનાથી લોકોને પણ ભારે રાહતની લાગણી અનુભવવા મળી રહી છે.

ભરૂચ કોવિડ સ્મશાનમાં માછીમાર સમાજ દ્વારા 2 બોટ લાકડાંનું દાન અપાયું

અંકલેશ્વર : ભરૂચ જિલ્લામાં કોરોના કાળો કહેર વર્તાવી રહ્યો છે. કોરોનાથી થતા મૃત્યુ આંકમાં સતત વધારો થતો જાય છે. આથી ભરૂચના વેજલપુર માછીમાર સમાજ દ્વારા કોવિડ સ્મશાનમાં લાકડાની સેવા આપવામાં આવી હતી. ભરૂચ જિલ્લામાં કોવિડ-19 થી મોતનું તાંડવ હજુ પણ યથાવત રહ્યું છે. ત્યારે સમાજના સેવાભાવી યુવક મંડળો દ્વારા કોવિડ-19 સ્મશાનમાં સરાહનીય કામગીરી કરવામાં આવી રહી છે. ભરૂચ જિલ્લાનાં વેજલપુર માછીમારી સમાજનાં યુવકો દ્વારા જાતે લાકડાં કાપી 2 બોટ ભરીને લાકડાં ભરૂચ જિલ્લાનાં કોવિડ સ્મશાનમાં અનુદાન આપવામાં આવ્યું હતું. આ તકે ભરૂચનાં મંડળો અને સેવાભાવી સંસ્થાઓએ પણ આગળ આવી કોવિડ-19ના દર્દીઓ માટે પણ સેવાભાવી કામગીરી કરવા આ યુવકોએ સંદેશ પાઠવ્યો હતો.

અંકલેશ્વર શહેરી વિસ્તારમાં વેક્સિનેશનની કામગીરી અત્યંત ધીમી હોવાથી ચિંતા

ત્રણ સેન્ટર હોવા છતાં પણ રસીકરણની પ્રક્રિયામાં ખાસ્સો વિલંબ

અંદાજિત ૬૦ હજારની વસતીને સંપૂર્ણ રીતે રસી આપવામાં વર્ષ પણ નીકળી જાય તો નવાઈ નહીં

અંકલેશ્વરઃ કોરોનાવાયરસના કહેર સામે એક તરફ રાજ્ય સરકારે ૧લી મેથી ૧૮ વર્ષથી ઉપરની તમામ વયના લોકોને વેક્સિન આપવાનું શરૂઆત કરી છે. પરંતુ અંકલેશ્વરમાં આ ચિત્ર એકદમ અસ્પષ્ટ અને ઘેરૂં જણાઈ રહ્યું છે. અંકલેશ્વર શહેરી એટલે કે નગરપાલિકા વિસ્તારની વાત કરીએ તો અંદાજિત ૬૦,૦૦૦ જેટલી વસતી અંકલેશ્વર નગરપાલિકા વિસ્તારમાં વસી રહી છે. અંકલેશ્વર શહેરમાં રસીકરણ માટે ત્રણ કેન્દ્ર આપવામાં આવ્યાં છે. જે અપૂરતાં હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે. નોંધનીય છે કે, અંકલેશ્વર શહેરમાં ત્રણ રસીકરણ કેન્દ્રો પર આખા દિવસ દરમિયાન માંડ દોઢસો જેટલા વ્યક્તિઓને રસી આપવામાં આવી રહી છે.

આ આંકડો જોતાં 60 હજારથી વધુ વસ્તીને રસીકરણ કરવા માટે એક વર્ષ પણ કદાચ ઓછું પડે. અંકલેશ્વર નગરપાલિકા તંત્ર તેમજ પ્રાંત અધિકારી કચેરીના અધિકારીઓ લોકોને રસીકરણ માટે અપીલ તો નિયમિતરૂપે કરતા હોય છે. પરંતુ લોકોમાં એટલો ઉત્સાહ દેખાતો નથી. જે ચિંતાનો વિષય છે. આ અંગે અંકલેશ્વરના તાલુકા હેલ્થ ઓફિસર દિનેશ વસાવાનો સંપર્ક કરતાં ફોન બંધ આવ્યો હતો.

અનુસંધાન... પાના પહેલાનું

ઑક્સિજનના અભાવે...

એક કોરોનાગ્રસ્ત મહિલાની બે પુત્રીઓમાંની એક પોતાની માતાને મોં વડે શ્વસન કરાવી રહેલી જોવામાં આવી હતી. તબીબોએ કહ્યું કે એ મહિલાને મૃત હાલતમાં લવાઇ હતી. આવા તો અનેક કરૂણ દ્રશ્યો બહાર આવી રહ્યા છે જ્યારે ભારતમાં કોવિડનો રોગચાળો થંભવાનું નામ નથી લેતો અને રોજે રોજ મોટા પ્રમાણમાં કેસો બહાર આવી રહ્યા છે. ભારતમાં કોરોનાવાયરસના રોગચાળાનું આ બીજું મોજું વિશ્વનું સૌથી ખરાબ બીજું મોજું પુરવાર થયું છે જ્યાં છેલ્લા કેટલાક દિવસથી રોજ ત્રણ લાખ કરતા વધુ કેસ બહાર આવી રહ્યા છે અને વચ્ચે એક દિવસ તો ૨૪ કલાકમાં ચાર લાખ કરતા વધુ કેસો નોંધાયા હતા.

દેશમાં કોરોનાના...

હતા. આ સાથે 2 મે સુધી કુલ 29,16,47,037 ટેસ્ટ કરવામાં આવ્યા છે. દેશમાં કોરોનાના કારણે નોંધાયેલા નવા 3,417 મોતમાં મહારાષ્ટ્રનાં 669, દિલ્હીનાં 407, ઉત્તર પ્રદેશનાં 288, કર્ણાટકનાં 217, છત્તીસગઢનાં 199, રાજસ્થાનનાં 159, પંજાબનાં 157, ગુજરાત અને તમિલનાડુનાં 153-153, હરિયાણાનાં 145 અને ઝારખંડનાં 115નો સમાવેશ થાય છે.

સીએસકેના બોલિંગ...

કહેવાયું હતું, જો કે સોમવારે આ તમામનો કરાયેલો રેપિડ એન્ટીજન ટેસ્ટ રિપોર્ટ નેગેટિવ આવ્યો હતો અને બીસીસીઆઇના એક ટોચના અધિકારીએ રવિવારના તેમના પોઝિટિવ રિપોર્ટને ખોટા ગણાવ્યા હતા. જો કે રેપિડ એન્ટીજન ટેસ્ટ પછી સવારે જે બીજો આરટી-પીસીઆર ટેસ્ટ કરવામાં આવ્યો તેમાં બોલિંગ કોચ લક્ષ્મીપતિ બાલાજી અને બસના ડ્રાઇવરનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હોવાનું સુત્રોએ જણાવ્યું હતું. હાલ દિલ્હી સ્થિત સીએસકે આજની પોતાની ટ્રેનિંગને રદ કરી દીધી હતી. તેમણે 5મી મેના રોજ રાજસ્થાન રોયલ્સ સામે રમવાનું છે.

આઇપીએલ બાયો...

આવી છે. આ મેચ હવે 30મી મેએ પુરી થનારી ટુર્નામેન્ટ દરમિયાન કોઇ અન્ય દિવસે આયોજિત કરવામાં આવશે.

આઈપીએલ દ્વારા જાહેર કરવામાં આવેલી પ્રેસ રિલીઝમાં કહેવાયું હતું કે છેલ્લા ચાર દિવસમાં ત્રીજા રાઉન્ડના ટેસ્ટીંગમાં વરૂણ ચક્રવર્તી અને સંદીપ વોરિયરના ટેસ્ટ રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. ટીમના અન્ય તમામ સભ્યોના કોવિડ-10 ટેસ્ટનો રિપોર્ટ જો કે નેગેટિવ રહ્યો છે. ચક્વર્તી અને વોરિયરને આઈસોલેશનમાં મુકી દેવાયા છે અને હાલમાં ટીમના અન્ય સભ્યોનો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. આ બંનેમાંથી વોરિયરને કેકેઆરે રમેલી 7 મેચોમાંથી એકમાં પણ રમવા મળ્યું નથી.

આઈપીએલ દ્વારા કહેવાયું હતું કે મેડિકલ ટીમ સતત બંનેના સંપર્કમાં છે અને તેમના આરોગ્ય પર નજર રાખવામાં આવી રહી છે. આ દરમિયાન કેકેઆરની ટીમ રોજિંદા ટેસ્ટીંગની દિનચર્યામાંથી પાસ થશે કે જેથી કોઈ અન્ય સંભવિત કેસ હોય તો તેની ઓળખ થઇ શકે અને તેને જેમ બને તેમ ઝડપથી સારવાર આપી શકાય.

એનઇઇટી-પીજીની...

થશે નહીં તેવો નિર્ણય લેવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓને પરીક્ષાનું આયોજન કરવા માટે નિર્ધારિત તારીખની જાહેરાત કર્યા પછી પરીક્ષા લેવાય તે પૂર્વે તૈયારીઓ કરવા માટે ઓછામાં ઓછા એક મહિનાનો સમય આપવામાં આવશે. આનાથી મોટી સંખ્યામાં ક્વોલિફાઇડ ડૉક્ટરો કોવિડની ફરજો માટે ઉપલબ્ધ થાય તે સુનિશ્ચિત થશે. એવો નિર્ણય લેવામાં આવ્યો છે કે, મેડિકલ ઈન્ટર્ન્સને તેમના ઈન્ટર્નશીપ ફેરબદલીના ભાગરૂપે તેમના ફેકલ્ટીની દેખરેખ હેઠળ કોવિડ વ્યવસ્થાપનની ફરજોમાં નિયુક્ત કરવામાં આવશે. ટેલિ-કન્સલ્ટેશન અને કોવિડના હળવા લક્ષણો ધરાવતા દર્દીની દેખરેખ જેવી સેવાઓ પૂરી પાડવા માટે MBBSના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓનો તેમના ફેકલ્ટીની દેખરેખ હેઠળ ઉપયોગ તેમને યોગ્ય દિશાસૂચન આપ્યા પછી કરવામાં આવશે. આના કારણે હાલમાં કોવિડની ફરજોમાં સંકળાયેલા ડૉક્ટરો પરથી કામનાં ભારણમાં ઘટાડો થશે અને ટ્રાયજિંગના પ્રયાસોને વેગ મળશે. B.Sc./GNM ક્વોલિફાઇડ નર્સોનો ઉપયોગ વરિષ્ઠ ડૉક્ટરો અને નર્સોની દેખરેખ હેઠળ કોવિડ નર્સિંગની પૂર્ણકાલિન ફરજો માટે કરવામાં આવી શકે છે.

જ્યારે પ્રોત્સાહક પગલાઓમાં જે વ્યક્તિ કોવિડ વ્યવસ્થાપનની કામગીરીમાં સેવાઓ આપવી રહ્યાં હોય તેને કોવિડ ફરજના ઓછામાં ઓછા 100 દિવસ પૂરાં કર્યાં પછી, ભવિષ્યમાં આવનારી નિયમિત સરકારી ભરતીઓમાં પ્રાથમિકતા આપવામાં આવશે. જે મેડિકલના વિદ્યાર્થીઓ/પ્રોફેશનલ્સને કોવિડ સંબંધિત કાર્યોમાં જોડાય તેમનું યોગ્ય રસીકરણ કરવામાં આવશે.

રસીનું ઉત્પાદન ઝડપી...

છું કારણ કે મારી ટિપ્પણીઓનું ખોટું અર્થઘટન થઇ શકે છે. પહેલામાં પહેલું તો એ કે રસી બનાવવાની રસીનું નિર્માણ એક ખાસ પ્રકારની પ્રક્રિયા છે, આથી રાતો રાત તેનું ઉત્પાદન વધારવું શક્ય નથી. આપણે એ સમજવાની જરૂર છે કે ભારતની વસ્તી વિશાળ છે અને તમામ પુખ્તો માટે પુરતા ડોઝીસનું ઉત્પાદન કરવું એક સહેલું કામ નથી એમ પૂનાવાલાએ ટ્વીટર પર એક નિવેદનમાં જણાવ્યું હતું. સૌથી વધુ આગળ વધેલા દેશો અને કંપનીઓ પણ પ્રમાણમાં નાની વસ્તીઓ માટે પણ સંઘર્ષ કરી રહ્યા છે એમ પૂનાવાલાએ જણાવ્યું હતું. આગામી થોડા મહિનામાં પોતાની કંપની ૧૧ કરોડ ડોઝ ભારત સરકારને પુરા પાડશે એમ પૂનાવાલાએ કહ્યું હતું પરંતુ આ ડોઝ ચોક્કસ ક્યારે પૂરા પાડવામાં આવશે તેની કોઇ ચોક્કસ સમયસીમા તેમણે જણાવી ન હતી. સિરમ ઈન્સ્ટિટ્યુટ પાસે નોવાવેક્સ બનાવવા માટેનું પણ લાયસન્સ છે પણ ભારતમાં હાલ તેને માત્ર એસ્ટ્રાઝેનેકાની કોવિશિલ્ડ રસી બનાવવાની જ મંજૂરી અપાઇ છે.

પૂનાવાલાએ જણાવ્યું હતું કે ગયા એપ્રિલથી તેમની પૂણે ખાતે આવેલી કંપની સરકાર સાથે નિકટતાથી કામ કરી રહી છ. અમને તમામ પ્રકારનો ટેકો મળ્યો છે પછી તે વૈજ્ઞાનિક હોય, નિયમનની બાબતમાં હોય કે નાણાકીય હોય. આજની તારીખ મુજબ અમને કુલ ૨૬ કરોડ ડોઝ માટે ઓર્ડર મળ્યા છે, જેમાંથી અમે ૧૫ કરોડ કરતાં વધુ ડોઝિસ તો પુરાં પાડી દીધાં છે. અમને ૧૧ કરોડ ડોઝના જથ્થા માટેની રૂ. ૧૭૩૨.૫ કરોડની સો ટકા ચુકવણી ભારત સરકાર તરફથી થઇ ગઇ છે એમ પૂનાવાલાએ જણાવ્યું હતું.

દિલ્હી ડાયરી...

પરંતુ, ડો. સિંહની આકરી ટીકા અંગે કેન્દ્રીય આરોગ્યમંત્રી હર્ષ વર્ધન દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો, જેમણે ડો. સિંહના પત્રનો જવાબ આપતી વખતે એક અવિચારી રીતે પત્ર લખ્યો હતો.

કોંગ્રેસના નેતાઓ વિચારી રહ્યા હતા કે, શું શ્રી મોદીએ ડો. સિંહ સાથે ટેલિફોનિક રીતે વાત કરવાનો પ્રયાસ કર્યો હતો. તેમનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો અને વડાપ્રધાનને પત્ર લખ્યા પછી તેમને સારવાર માટે દિલ્હી એઈમ્સમાં દાખલ કરવામાં આવ્યા હતા.

બે પૂર્વ વડાપ્રધાનો દ્વારા સૂચનોની રજૂઆત હાલના શાસકોની માનસિકતા વિશે વાત કરે છે.

ઓસ્ટ્રેલિયામાં ભારતના કોરોના અંગે અહેવાલ માટે કડક નોંધ

ઓસ્ટ્રેલિયાના એક અખબારે ભારતમાં કેવી રીતે અહંકાર, અતિશય રાષ્ટ્રવાદ અને અમલદારશાહી અસમર્થતાના કારણે કોરોના સંકટ સર્જાયું તે અંગેનો અહેવાલ પ્રકાશિત કર્યા પછી કેનબેરામાં ભારતીય હાઇ કમિશને અખબારના સંપાદકને એક આકરી નોંધ મોકલી અને માંગ કરી છે કે, ભારતમાં કોવિડ મેનેજમેંટ પર સીધા રેકોર્ડ સ્થાપિત કરવા માટે તેમના જવાબ તરીકે પ્રકાશિત થવું જોઈએ.

આ નોંધ માટેના નિર્દેશો દિલ્હીના વિદેશ મંત્રાલયે મોકલ્યા હતા અને કેનબરામાં ભારતીય રાજદ્વારીઓ દ્વારા અખબારના સંપાદક સુધી પહોંચાડવામાં આવ્યા હતા. અખબારને પણ વિનંતી કરવામાં આવી હતી કે, ભવિષ્યમાં આવા 'પાયાવિહોણા' લેખો પ્રકાશિત કરવાનું ટાળો.

નોંધમાં જણાવાયું છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પ્રતિબંધિત ચૂંટણી અભિયાન અને એક ધાર્મિક મેળાવડા દ્વારા કેસમાં ઉછાળ અંગે ટીકા કરવામાં આવી હતી.

ઓસ્ટ્રેલિયામાં ભારતીય હાઇ કમિશનરના નામે મોકલવામાં આવેલી આકરી નોંધ પર તે દેશના ભારતીય નાયબ હાઇ કમિશનર પી એસ કાર્તિકેયે હસ્તાક્ષર કર્યા હતા.

તે અભૂતપૂર્વ છે કે, ભારત સરકારે વિદેશી અખબારમાં પ્રકાશિત કરેલા આલોચનાત્મક લેખની આ પ્રમાણે ગંભીર નોંધ લીધી હતી.